સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે ટેકનિકલ સ્ટાફની સેવાઓનો સમયગાળો વધારવા તથા માનદ વેતન GIL ના નવા રેટ કોન્ટ્રાક્ટ મુજબ ચુકવવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: WCDD/AMR/e-file/23/2022/0007/B1
સચિવાલય, ગાંધીનગર

વંચાણે લિધા:

(૧) કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગરનો તા.૧૮-૦૮-૨૦૨૨ નો પત્ર ક્ર: આઇ.સી.ડી.એસ./આઇ.ટી./ ટેકનિકલ મેનપાવર/૨૦૨૧-૨૨/૩૩૬૬૯૫

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગ ના તા.૦૬/૦૫/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૧૫/બ૧

(3) GIL ના તા.૨૮/૦૭/૨૦૨૨ ના પત્ર ક્રમાંક GIL/Manpower Tender /HRM2803202202/2022/12168 to 12170

આમુખ:

વંચાણે લિધેલ (૧) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા આઇ.ટી. સંબધિત મેનપાવરની ભરતી જી.આઇ.એલ. ના નવા ટેન્ડર વંચાણે લિધેલ (૩) મુજબ કરવા તેમજ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટટ અંતર્ગત ટેકનિકલ મેનપાવર ની સેવાઓનો સમયગાળો વંચાણે લિધેલ (૨) થી પૂર્ણ થતા તા.૧૬/૦૨/૨૦૨૩ થી વધુ ૧૧ માસ માટે વધારવા દરખાસ્ત કરવામાં આવેલ છે. સદર દરખાસ્તને અનુલક્ષીને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ માટે નીચે મુજબની જગ્યાઓની સેવાઓ મુદ્દત પૂર્ણ થયેથી GIL ના તા.૨૮/૦૭/૨૦૨૨ ના નવા ટેન્ડરની શરતો અને જોગવાઇઓ મુજબ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ વેતન મુજબ કરવા તથા પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત ટેકનીકલ મેનપાવરની સેવાઓનો સમયગાળો તા.૧૬/૦૨/૨૦૨૩ થી વધુ ૧૧ માસ માટે લંબાવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | અનુભવ | જગ્યાની સંખ્યા | જી.આઇ.એલના તા.૨૮/૦૭/૨૦૨૨ના રેટ કોન્ટ્રાક્ટ મુજબ માનદવેતન |
|---|---|---|---|---|
| ૧ | સીનિયર ડેવલોપર (નેટ ટેક્નોલોજી) | ૫ વર્ષ | ૦૧ | રૂ. ૯૫,૦૦૦/- |
| ૨ | ડેવલોપર | ૩ વર્ષ | ૦૧ | રૂ. ૬૫,૦૦૦/- |
| ૩ | મોબાઇલ એપ ડેવલોપર | 3 વર્ષ | ૦૧ | રૂ. ૬૫,૦૦૦/- |
| ૪ | સપોર્ટ એન્જિનિયર | 3 વર્ષ | ૦૧ | રૂ. ૩૫,૦૦૦/- |
| ૫ | એ.આઇ/ બીગ ડેટા એક્ષપર્ટ | ૩ વર્ષ | ૦૧ | રૂ. ૭૦,૦૦૦/- |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની e-ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૦/૦૩/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature valid
Signed by:Satish Patel
Section Officer
Date: 2023.03.17
13:18:53 +05:30

પ્રતિ,

૧. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. કમિશ્નરશ્રી ,મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.

૩. નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.

૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ

૫. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ

૬. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

૭. શાખા સિલેકટ ફાઇલ